# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત
## માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ
Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર**

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **૧૧** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 11**


**પ્રશ્ન - ૧ : કોઈ પણ પાંચના જવાબ લખો : ૧૫**

જવાબ-૧:(ક)

(૧) ગોચરી વખતે કોનાથી કયા કયા દોષ લાગે ?

**જ. (૧) ગોચરી વખતે ઉદ્‌ગમના ૧૬ દોષ વહોરાવનાર ગૃહસ્થથી લાગે છે. ઉત્પાદનના ૧૬ દોષ વહોરનાર સાધુને લાગે છે. એષણાના છ દોષ ગૃહસ્થ અને સાધુ બન્નેથી લાગે છે, એમ ૪૨ દોષ લાગી શકે છે.**

(૨) ''દસા કપ્પ વવહારાણં ઉદ્દેસણ કાલેહિં''માં કયા કયા સૂત્રના કેટલા અધ્યયનોનો નિર્દેશ છે ?

**જ. (૨) ''દસા કામ વવહારાણં ઉદ્દસણ કાલેહિં'' દશાશ્રતસ્કંધ સૂત્રના ૧૦, બૃહદ, કલ્પ સૂત્રના ૬ અને વ્યવહાર સૂત્રના ૧૦ એમ કુલ ૨૬ અધ્યયનનો નિર્દેશ કરેલો છે.**

(૩) ૧૮ પાપમાંથી મનના પાપ કેટલા અને કયા કયા ?

**જ. (૩) ૧૮ પાપમાં મનના પાપ ૭ છે. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મિચ્છા દંસણસલ્લં.**

(૪) ૭ વ્યસનના નામ લખો.

**જ. (૪) ૭ વ્યસનના નામ : મદિરાપાન, માંસાહાર, જુગાર, ચોરી, શિકાર, પરસ્ત્રીગમન, વેશ્યાગીરી.**

(૫) છઠ્ઠું વ્રત શેના વિષેનું છે ? તે મર્યાદા કરવાથી શું લાભ થાય ?

**જ. (૫) છઠ્ઠું વ્રત દિશાઓની મર્યાદા કરવા વિષેનું છે. લોક અસંખ્યાત યોજન ક્રોડાક્રોડી વિસ્તારવાળો છે. દિશાઓની મર્યાદા કરવાથી મર્યાદાની બહાર જવાનો ત્યાગ થવાથી તે જગ્યાએ થતી હિંસા આદિ પાપોનો મોટો કર્મબંધ અટકે છે.**

(૬) ઉવભોગ પરિભોગ કોને કહે છે ? ૭મા વ્રતમાં પરિભોગની કઈ કઈ વસ્તુઓ બતાવી છે ?તેના મૂળ શબ્દો લખો - કોઈ પણ ત્રણ

**જ. (૬) જે પદાર્થ ફક્ત એક જ વખત વાપરી શકાય છે તે ઉપભોગ કહેવાય છે. જેમ કે અનાજ, ફળ, શાક, પાણી વગેરે. જે પદાર્થ વારંવાર વપારી શકાય તેને પરિભોગ કહેવાય. જેમ કે વસ્ત્ર, ઘરેણા, શપ્યા વિગેરે ૭મા વ્રતમાં બતાવેલી પરિભોગની વસ્તુઓ.**
**ઉલ્લણિયાવિહિં, વત્થવિહિં, આભરણવિહિં, વાહણવિહિં, ઉવાણગહવિહિં, શયણવિહિં**

(૭) પાઠ પૂર્તિ કરો : કુઈએ ........ સોવણવત્તિયાએ

**જ. (૭) કુઈએ કક્કરાઈ... છીએ જંભાઈએ આમોસે સસરકખામોસે આઉલમાઉલાએ સોવણવત્તિયાએ**

---

**પ્રશ્ન - ૨ : ગુણસ્થાનના થોકડાના આધારે જવાબ લખો : ૪૦**

(ક) કોઈ પણ ત્રણના જવાબ આપો : (૧૫)

(૧) મોહનીય કર્મની કુલ પ્રકૃતિ કેટલી ? તે બધી પ્રકૃતિઓનો ક્ષય થતાં કયું ગુણસ્થાન પ્રાપ્ત થાય? કઈ શ્રેણીવાળા આ ગુણસ્થાને આવે ? આ ગુણસ્થાને જીવ પહોંચે ત્યારે તેનામાં કયા ગુણો આવે ?

**જ. (ક)(૧) મોહનીય કર્મની કુલ પ્રકૃતિ ૨૮. તે બધી પ્રકૃતિઓનો ક્ષય થતાં ૧૨મું ગુણસ્થાાન-ક્ષીણ ગુણસ્થાાને પહોંચે - ક્ષપક શ્રેણીવાળા જ આ ગુણસ્થાને આવે છે. આ ગુણસ્થાને પહોંચે ત્યારે તેનામાં નીચેના ગુણો હોય - ક્ષપક શ્રેણી, ક્ષાયકભાવ, ક્ષાયક સમકિત, ક્ષાયક**

યથાખ્યાત ચારિત્ર, ભાવ સત્ય, કરણ સત્ય, યોગ સત્ય, અમાયી, અકષાયો, વીતરાગી, ભાવનિર્ગ્રંથ, સંપૂર્ણ ભાવિતાત્મા, મહાતપસ્વી, મહાસુશીલ, મહાજ્ઞાની, મહાધ્યાની, વર્ધમાન પરિણામ, અપડિવાઈપણે અંતર્મુહૂર્ત રહે. શુકલધ્યાનનો બીજો પાયો ધ્યાયી ૧૩મે જાય.

(૨) ગુણસ્થાનના દ્વાર કેટલા છે ? તે દ્વાર દર્શાવતી ફક્ત બીજી ગાથા લખો તથા ૩જા, ૬ઠા, ૯મા, ૧૫મા દ્વારના નામ જણાવો.

જ. (૨) ગુણસ્થાાનના દ્વાર ૨૨, બીજી ગાથા

પરિસહ મગ્ગ આયાય જીવાય ભેદે જોગ ઉવઓગ ।

લેસ્સા ચરણ સમત્તં અપ્પાબહુચ્ચ ગુણઠાણેહિં ॥

૩જું દ્વાર - સ્થિતિદ્વાર  ૯મું ઉદિરણાદ્વાર

૬ઠ્ઠું દ્વાર - બંધદ્વાર  ૧૫મું આત્માદ્વાર

(૩) આત્માના પ્રકાર કેટલા અને કયા કયા ? કયા ગુણસ્થાને બધા આત્મા હોય ?

જ. (૩) આત્માના પ્રકાર ૮ :

| | |
|---|---|
| ૧ દ્રવ્ય આત્મા | ૫ ચારિત્ર આત્મા |
| ૨ કષાય આત્મા | ૬ વીર્ય આત્મા |
| ૩ જ્ઞાન આત્મા | ૭ યોગ આત્મા |
| ૪ દર્શન આત્મા | ૮ ઉપયોગ આત્મા |

૬થી ૧૦ ગુણસ્થાને આઠેય આત્મા હોય -

(૪) પરિષહ કેટલા ? કયા કયા કર્મના ઉદયે કેટલા પરિષહ હોય તે કર્મના નામ અને પરિષહના આંકડા લખો. કોઈ પણ ૩ પરિષહના નામ લખો જે ૧૩મા ગુણસ્થાને હોય.

જ. (૪) પરિષહ - ૨૨

| | | |
|---|---|---|
| જ્ઞાનાવરણીય કર્મના ઉદયે | ૨ | પરિષહ |
| વેદનીય કર્મના ઉદયે | ૧૧ | પરિષહ |
| મોહનીય કર્મના ઉદયે | ૮ | પરિષહ |
| અંતરાય કર્મના ઉદયે | ૧ | પરિષહ |

૧૩મા ગુણસ્થાને વેદનીયના ૧૧ - ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમસગ, ચર્યા, સેજ્જા, વધ, રોગ, તૃણસ્પર્શ.

(ખ) કોઈ પણ પાંચના જવાબ લખો : (૧૫)

(૧) જીવ ક્યારે દેશવિરતી ગુણસ્થાને આવે ?

જવાબ : ખ

જ. (૧) દર્શન સપ્તક એટલે કે અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શન ત્રિકનો ક્ષય, ઉપશમ કે ક્ષપોપશમ હોય તથા અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ એ ૪નો ક્ષયોપશમ એમ કુલ ૧૫ પ્રકૃતિનો ક્ષયોપશમ થાય ત્યારે જીવ દેશવિરતિ ગુણસ્થાને આવે.

(૨) ઉપશમ, ક્ષાયક અને વેદક સમકિતના ગુણસ્થાન જણાવો.

જ. (૨) ઉપશમ સમકિતના ગુણસ્થાન - ૪ થી ૧૧  ક્ષાયક સમકિત-૪ થી ૧૪, વેદક-૪ થી ૭.

(૩) કાર્મણ કાયયોગ કયા કયા ગુણસ્થાને હોય ? સાધુને હોય ? શા માટે ?

જ. (૩) કાર્મણ કાયયોગ ૧લા ૨જા, ૪થા તથા ૧૩મે ગુણસ્થાને હોય.

કાર્મણ કાયયોગ સાધુને ના હોય કારણ કે સાધુ સંજ્ઞી પર્યાપ્તા પંચેન્દ્રિય જીવ છે અને પર્યાપ્તાને કાર્મણ કાયયોગ ના હોય.

(૪) દેશવિરતી ગુણસ્થાનના ગુણ લખો.

જ. (૪) દેશવિરતી ગુણસ્થાનના ગુણ - પાંચમે ગુણસ્થને જીવ નવ તત્ત્વ, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી નવકારસીથી ૬ માસ સુધીનું તપ જાણે, શ્રદ્ધે, પ્રરૂપે તથા શક્તિ પ્રમાણે પાલન કરે. બે વખત આવશ્યક પ્રતિક્રમણ કરે, મહિનામાં બે, ચાર, છ, પૌષધ કરે.

સમકિત સહિત બાર વ્રતધારી હોય. ૩ મનોરથ ચિંતવે, જીયદયા પાળે, શ્રાવકના ૨૧ ગુણ સહિત, પ્રિયધર્મી દ્રઢધર્મી હોય.

(૫) કર્મબંધના મૂળ હેતુ કેટલા ? ઉત્તર હેતુ કેટલા ? ૪થા ગુણસ્થાને મૂળ હેતુ કયા કયા ?

**જ. (૫) કર્મબંધના મૂળ હેતુ પાંચ છે, ઉત્તરહેતુ ૫૭ છે, ૪થા ગુણસ્થાને મૂળ હેતુ ૪ છે અવ્રત, પ્રમાદ, કષાય યોગ.**

(૬) કોનું સાહરણ ના થાય ?

**જ. (૬) નીચેનાનું સાહરણ ના થાય - આર્યાજી, અવેદી, પરિહાર વિશુદ્ધ ચારિત્રી, પુલાક લબ્ધિવંત, અપ્રમત્ત સાધુ, ૧૪ પૂર્વી સાધુ, આહારક શરીરી, કેવળી -**

(૭) ૯મા ગુણસ્થાને મોહનીયની કેટલી અને કઈ કઈ પ્રકૃતિઓનો ક્ષય થાય છે ?

**જ. (૭) ૯મા ગુણસ્થાને મોહનીયની ૨૭ પ્રકૃતિનો ક્ષય કે ઉપશમ થાય છે.**
**અનંતાનુબંધી ચતુષ્ક, અપ્રત્યાખ્યાની ચતુષ્ક, પ્રત્યાખ્યાનાવરણીય ચતુષ્ક, સંજવલના ક્રોધ, માન, માયા, ૯ નોકષાયનો ૩ વેદનો ક્ષય કે ઉપશમ થાય છે.**

**(ગ) કોઈ પણ ૧૦ના જવાબ લખો : (૧૦)**

(૧) ૮ કર્મની સત્તા ક્યાં સુધી ?

**જ. ગ (૧) ૮ કર્મની સત્તા ૧૧મા ગુણસ્થાન સુધી.**

(૨) ૨૨ ક્રિયા કયા ગુણસ્થાને લાભે ?

**જ. (૨) ૨૨ ક્રિયા પાંચમા ગુણસ્થાને લાભે.**

(૩) ૨ કર્મની ઉદીરણા કયા ગુણસ્થાને થાય ?

**જ. (૩) ૨ કર્મની ઉદીરણા ૧૨મે અને ૧૩મે ગુણસ્થાને હોઈ શકે.**

(૪) દર્શન મોહનીયનો પરિષહ ક્યાં સુધી ?

**જ. (૪) દર્શન મોહનીયનો પરિષહ ૭મા ગુણસ્થાન સુધી હોય.**

(૫) પાંચમે ગુણસ્થાનેથી જીવ ચડે તો કયા ગુણસ્થાને જાય ?

**જ. (૫) પાંચમે ગુણસ્થાને ચડે તો ૭મે ગુણસ્થાને જાય.**

(૬) સામાયિક ચારિત્રના ગુણસ્થાન કયા કયા ?

**જ. (૬) સામાયિક ચારિત્રના ગુણસ્થાન ૬ થી ૯ છે.**

(૭) સૌથી થોડા જીવ કયા ગુણસ્થાને હોય ?

**જ. (૭) સૌથી થોડા જીવ ૧૧મા ગુણસ્થાને હોય.**

(૮) આર્ત્તધ્યાન કયા ગુણસ્થાન સુધી હોય ?

**જ. (૮) આર્તધ્યાન ૬ઠ્ઠા ગુણસ્થાન સુધી હોય**

(૯) અમર ગુણસ્થાન કયા કયા ?

**જ. (૯) અમર ગુણસ્થન ૩, ૧૨, ૧૩, ૧૪**

(૧૦) અપડિવાઈ ગુણસ્થાન કયા કયા ?

**જ. (૧૦) અપડિવાઈ ગુણસ્થાન - ૧૨,૧૩, ૧૪**

(૧૧) ફક્ત સંજ્ઞી પર્યાપ્તા જ જ્યાં હોય તેવા ગુણસ્થાન કયા કયા ?

**જ. (૧૧) ફક્ત સંજ્ઞી પર્યાપ્તા જીવો જ હોય તે ગુણસ્થાન - ૩ અને ૫ થી ૧૪.**

(૧૨) ૧લા ગુણસ્થાને કયા જીવોની સ્થિતિ અનાદિ અનંત છે ?

**જ. (૧૨) ૧લા ગુણસ્થાને અભવી જીવોની સ્થિતિ અનાદિ અનંત છે.**

---

**પ્રશ્ન - ૩ : જીવ પરિણામ પદ - અજીવ પરિણામ પદના આધારે જવાબ લખો** **૧૫**

(ક)(૧) ૭મા નરકના નારકીના પરિણામ કેટલા અને કયા કયા ? (૬)

**જ. ક (૧) ૭મા નરકના નારકીના કુલ પરિણામ - ૨૯**
**ગતિ ૧ નારકીની, ઈન્દ્રિય ૫, કષાય ૪, લેશ્યા પ્રથમ ૩, યોગ ૩, ઉપયોગ ૨, જ્ઞાન+અજ્ઞાન ૩ + ૩, દૃષ્ટિ ૩, ચારિત્ર ૧ અવિરતી, વેદ ૧, નપુંસક.**

(૨) અપરાજિત દેવના પરિણામ કેટલા અને કયા કયા ?

**જ. (૨) અપરાજિત દેવના કુલ પરિણામ ૨૨.**
**ગતિ ૧ દેવની, ઈન્દ્રિય ૫, કષાય ૪, લેશ્યા ૧ શુકલ, યોગ ૩, ઉપયોગ ૨, જ્ઞાન ૩, દૃષ્ટિ ૧, સમકિત, ચારિત્ર ૧ અવિરતી, વેદ ૧ પુરુષવેદ.**

**(ખ) નીચેનામાંથી કોઈ પણ ૯ના જવાબ લખો :** (૯)

**જ. ખ જવાબ સાથે**

(૧) માખીમાં દૃષ્ટિ કેટલી ? **જ : (૧) માખીમાં દૃષ્ટિ ૨**

(૨) બરફમાં ગતિ કેટલી ? **જ : (૨) બરફમાં ગતિ ૧ તિર્યંચ ગતિ**

(૩) ચંદાબેનમાં ઇન્દ્રિય કેટલી ? **જ : (૩) ચંદાબેનમાં ઈન્દ્રિય ૫ + અતિન્દ્રિય**

(૪) વાયરામાં ઉપયોગ કેટલા ? **જ : (૪) વાયરામાં ઉપયોગ ૨**

(૫) સોનાની ચેઈનના ટુકડા કર્યા તો પુદ્ગલ ભેદ પરિણામનો કયો ભેદ થયો ? **જ : (૫) સોનાના ચેઈનના ટુકડા ખંડભેદ**

(૬) દરેક દેખાતા પુદ્ગલમાં કેટલા વર્ણ હોય ? **જ : (૬) દરેક દેખાતા પુદ્ગલમાં પાંચ વર્ણ હોય**

(૭) કાલોદધિ સમુદ્ર કયા સંસ્થાને છે ? **જ : (૭) કાલોદધિ સમુદ્ર પરિમંડલ સંસ્થાને છે**

(૮) આગમ પ્રમાણે દહીં સચેત કે અચેત ? **જ : (૮) આગમ પ્રમાણે દહી અચેત**

(૯) પુદ્ગલમાં વધારેમાં વધારે કેટલા સ્પર્શ હોઈ શકે ? **જ : (૯) પુદ્ગલમાં વધારેમાં વધારે ૮ સ્પર્શ હોય શકે**

(૧૦) ચોખાનો લોટ કર્યો તે ભેદ પરિણામનો કયો ભેદ ? **જ : (૧૦) ચોખાનો લોટ તે ચૂર્ણ ભેદ**

(૧૧) કયો રસ પાંચેય રસમાં ભળે છે ? **જ : (૧૧) ખારો રસ પાંચેય રસમાં ભળે છે**

(૧૨) એક ગુણ સ્નિગ્ધનું ઓછામાં ઓછા કેટલા ગુણ સ્નિગ્ધ સાથે બંધન થાય ? **જ : (૧૨) એક ગુણસ્નિગ્ધનું ઓછામાં ઓછા ૩ ગુણ સ્નિગ્ધ સાથે બંધન થાય**

---

**પ્રશ્ન - ૪ : કથા વિભાગને આધારે જવાબ લખો :** **૧૦**

**(ક) કોઈ પણ બેના જવાબ આપો :** (૫)

(૧) પુત્રોએ જ્યારે ૧૨મી વખત સમુદ્રની સફર કરવાની ઇચ્છા જણાવી ત્યારે માતા-પિતાએ શું કહ્યું ?

**જ:૪-ક (૧) ૧૧ વખત વિદેશ મુસાફરી કરીને આવેલા પુત્રોએ જ્યારે ૧૨મી વખત સમુદ્રની સફળ કરીને ધન કમાવાની ઈચ્છા વ્યકત કરી ત્યારે માતા-પિતાએ પુત્રોને સમજાવ્યા કે, ''હવે આપણી પાસે બાપદાદાની મિલકત અને તમે કમાયેલી ધનસંપત્તિ છે. વળી લવણસમુદ્ર કષ્ટકારી અને અનેક વિઘ્નોથી ભરેલો છે. માટે હવે બારમી વખત જઈ તમારા શરીરને પીડા ન આપો'', પરંતુ પુત્રો માન્યા નહીં તેથી માતા-પિતાએ કચવાતા મને જવાની આજ્ઞા આપી.**

(૨) યક્ષે છૂટવાનો શું ઉપાય બતાવ્યો ?

**જ. (૨) શૈલકયક્ષે કહ્યું, ''હું તમને બચાવીશ, પણ એક શરત છે. તમે જ્યારે મારી સાથે લવણ સમુદ્રનો મધ્યમાર્ગ પસાર કરતા હશો ત્યારે પાપિણી, ચંડ, રૂદ્ર અને**

સાહસિક સ્વભાવવાળી દેવી તમને કઠોર, કોમળ, અનુકૂળ, પ્રતિકૂળ અને મોહજનક ઉપસર્ગ કરશે. તમને ડગાવવાનો પ્રયત્ન કરશે. જો તમે દેવીની વાત સાંભળશો અને તેની તરફ જોશો તો હું તમને મારી પીઠ ઉપરથી નીચે ફેંકી દઈશ. જો તમે તેની વાતનો આદર નહિ કરો તો હું તમને દેવીના હાથમાંથી મુક્ત કરાવીશ.''

(૩) માકંદીપુત્રોનો અંત શું આવ્યો ? ટૂંકમાં જણાવો

જ. (૩) રયણાદેવીના પ્રણયમય, સરળ, મધુર વચનોથી જિનરક્ષિત ચલાયમાન થઈ ગયો. તે વિવશ થઈ પાછળ દેવી સામે જોવા લાગ્યો તેથી શૈલકે તેને પીઠ પરથી નીચે ફેંકી દીધો. ત્યારે દેવીએ તેને તલવારની ધાર પર પકડી, તેના ટુકડે ટુકડા કરી કાગડા વગેરેને બલિરૂપે ફેંકી દીધા.

ચલાયમાન નહીં થયેલા જિનપાલને યક્ષે ચંપાનગરી બહાર ઉદ્યાનમાં સલામત ઉતાર્યો. તેણે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી. ૧૧ અંગોના જ્ઞાતા બની, છેવટે ૧ માસનો સંથારો કરી સુધર્મ કલ્પમાં ૨ સાગરની સ્થિતિવાળા દેવરૂપે ઉત્પન્ન થયા.

(ખ) કોઈ પણ બેના જવાબ આપો : (૫)

(૧) મહાશતકે રેવતીનું ભાવિ શું બતાવ્યું ?

જ. ખ (૧) મહાશતકે અવધિજ્ઞાનથી રેવતીનું ભાવિ જાણ્યું. તેમણે રેવતીને કહ્યું, ''રેવતી ! તું સાત રાત્રિની અંદર લકવાના રોગથી પીડિત થઈને વ્યથિત દુઃખિત થતી અશાંતિપૂર્વક મરીને અધોલોકમાં પ્રથમ નરકના લોલુપાચ્યુત નામના નરકવાસમાં ૮૪૦૦૦ વર્ષની સ્થિતિએ નારકી રૂપે ઉત્પન્ન થઈશ.

(૨) મહાવીરસ્વામીએ મહાશતકના રેવતી પ્રત્યેના વર્તન બદલ શું કહ્યું ?

જ. (૨) મહાવીરસ્વામીએ મહાશતકના રેવતી પ્રત્યેના વર્તન બદલ ગૌતમસ્વામી દ્વારા તેમને કહેવડાવ્યું કે, અંતિમસંલેખના અને અનશન આરાધક માટે સત્ય, યથાર્થ અને તથ્ય કહેવું કલ્પે છે પણ તે જો અનિષ્ટ, અપ્રિય અને અમનોજ્ઞ હોય તો કહેવું કલ્પે નહિ. તમે અવધિજ્ઞાન દ્વારા રેવતી સામે જે સત્ય ભાષણ કર્યું તે ઉચિત નથી. માટે દોષસેવન માટે આલોચના કરી, પ્રતિક્રમણ કરી, પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરે.

(૩) મહાશતકના જીવનનો અંત કેવો આવ્યો ? તેમનું ભાવિ કેવું છે ?

જ. (૩) મહાશતક શ્રાવકે એક માસની સંલેખના કરી. આલોચના પ્રતિક્રમણ કરી, મરણના સમયે સમાધિપૂર્વક દેહનો ત્યાગ કર્યો. તેઓ સુધર્મ દેવલોકમાં અરૂણાવતંસક વિમાનમાં ૪ પલ્યની સ્થિતિવાળા દેવરૂપે ઉત્પન્ન થયા - ત્યાંથી સ્થિતિ પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મીને મોક્ષે જશે.

---

પ્રશ્ન - ૫ : સંસ્કાર વિભાગના આધારે જવાબ આપો : ૧૦

(૧) અવિનીત પુત્ર કે પુત્રવધૂ મળે તો શું વિચારાય ? કોઈ પણ બે મુદ્દા લખો.

જઃ ૫. (૧) અવિનીત પુત્ર કે પુત્રવધૂ મળે તો આમ વિચારાય (૧) મેં ક્યારેક પુત્રરૂપે વડીલોના દિલ દુભાવી કર્મો બાંધેલા છે. તેના ફળસ્વરૂપે જ મને અવિનીત પુત્ર કે પુત્રવધૂ મળ્યાં છે. મારાં જ કર્મોનો દોષ છે. (૨) પાંચમા આરામાં મારો જન્મ થયો, એનો અર્થ જ એ કે મારા એટલાં સારાં પુણ્ય છે જ નહિ. માટે જ મારે પુત્ર કે પુત્રવધૂ પાસે ઉપેક્ષા ન રાખવી.

(૨) પુણ્ય ના બગડે માટે શું વિચારવું જોઈએ

જ. (૨) માનવભવ, આર્યક્ષેત્ર, જૈનકુળ વગેરે મારાં અઢળક પુણ્ય ખર્ચાઈ રહ્યા છે. જો આ પુણ્યના ઉદયમાં ધર્મ ન કર્યો તો નુકસાન અને પાપ કર્યું તો બમણું નુકસાન.

પુણ્યોદયમાં સુખનો ઉદય કરવા ધર્મ કરું. પુણ્યથી મળેલાં ધન, વૈભવ ને ખોટા ખર્ચા, દેખાડા, ફેશનમાં, વ્યસનમાં ખરચી નાંખવાને બદલે તે ધનવૈભવને પચાવું, જરૂરિયાત ઘટાડી પુણ્ય બચાવું.

(૩) ભાવ બગડે તો શું નુકશાન થાય ?

**જ. (૩) ભાવ બગડે તો ભવ બગડે. આખા ભવની મહેનત ક્ષણમાં પાણીમાં જાય. ખરાબ ભાવમાં આયુષ્ય બંધાય તો અનંતકાળનું ભાવિ અંધારામાં ભાવ બગડે તેનું મરણ બગડે.**

(૪) ઇચ્છાઓ થાય છે આપણા ........ પ્રમાણે, ઇચ્છાઓ પૂરી થાય છે આપણા ........ પ્રમાણે.

........ અધિક અને ........ ઓછાં હોય ત્યારે ઇચ્છા પૂરી ન થાય.

........ તો આકાશ સમાન અનંત છે.

**જ. (૪) ઇચ્છાઓ થાય છે આપણા મોહ પ્રમાણે, ઇચ્છાઓ પૂરી થાય છે આપણા પુણ્ય પ્રમાણે.**

**મોહ અધિક અને પુણ્ય ઓછાં હોય ત્યારે ઇચ્છા પૂરી ન થાય.**

**ઈચ્છા તો આકાશ સમાન અનંત છે.**

**પ્રશ્ન – ૬ : કાવ્ય પૂર્તિ કરો :** ૧૦

(૧) સર્વ જીવોને ........ સિધ્ધનાં જાપ.

**જ. (૧) સર્વ જીવોને ખમી ખમાવી, મૈત્રી ભાવના દિલમાં જગાવી,**
**શુદ્ધ ભાવ ધરૂં, ઘનઘાતી હરૂં... મહાસંત... ક્યારે થઈશું ?**
**કરૂં પાપનો પશ્ચાતાપ, જપું અરિહંત સિદ્ધના જાપ.**

(૨) ભૂખ, તરસ ને ઠંડી ........ ત્યાં કોને બતાવું ?

**જ. (૨) ભૂખ તરસ ને ઠંડી ગરમી, કેમ કરી સહેવાશે ?**
**૩૩ ૩૩ સાગર એવા સ્થાને કેમ રહેવાશે ?**
**દાહજ્વરની તીવ્ર વ્યથા, ત્યાં કોને હું બતાવું ?**

(૩) મનડું કહે છે ........ ધીરજથી થાય છે.

**જ. (૩) મનડું કહે છે મારાથી થાય છે, પ્રભુ કહે છે થવાનું થાય છે.**
**પ્રભુનું કહ્યું કરવા દુનિયાથી જુદું જીવવું છે... ભમમાં...**
**અનુભવ કહે છે, ગુસ્સાથી થાય છે, ભવી કહે છે, ધીરજથી થાય છે.**

(૪) પરમેશ્વરનો ડર ના લાગે ........ આરો રડવાનો.

**જ. (૪) પરમેશ્વરનો ડર ના લાગે, ના ડર છે પરભવનો,**
**જીવતર એળે છે તોયે પણ ખ્યાલ નથી આ ભવનો,**
**રંગરાગની પાછળ આવે, જે આરો રડવાનો ...**

**॥ જય જિનેન્દ્ર ॥**